GJBN020091952026

રજુ તારીખ–૦૬–૦૪–૨૦૨૬
દાખલ તારીખ–૦૬–૦૪–૨૦૨૬
ફેંસલ તારીખ–૨૫–૦૮–૨૦૨૬
અવધિ વર્ષ માસ દિવસ

**<u>ભાવનગરના મહે.બીજા એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટ સમક્ષ, ભાવનગર.</u>**

**ફોજદારી કેસ નં–૪૯૪/૨૦૨૬**
**આંક–**

**ફરીયાદી–** સરકારશ્રી

<u>વિરૂધ્ધ</u>

**આરોપી – કમુબેન દિનેશભાઈ પરમાર,**
રહે.આડોડીયાવાસ,ભાવનગર.

| | |
|---|---|
| ગુન્હો | પ્રોહિબિશન એકટની કલમ–૬૫ એ.એ. મુજબ |

| | |
|---|---|
| શ્રી સરકાર તરફે | વિ.એ.પી.પી.શ્રી એ.કે.રાઠોડ |
| આરોપી તરફે | વિ.વ.શ્રી એસ.વાય.હમીરાણી |

**<u>ચુકાદો</u>**

(૧) સદર કેસની ટૂંકમા હકીકત એવી છે કે, બનાવના દિવસે, સમયે અને સ્થળે આ કામના આરોપીએ પોતાના કબજા ભોગવટામા ગેરકાયદેસર પાસ પરમીટ વગર દેશી દારુ રાખી ગુન્હો કરેલ હોય, બનાવની વિગતે આ કામના ફરીયાદીએ પોલીસ સ્ટેશનમા ફરીયાદ નોંધાવતા પોલીસ એજન્સીએ આ કામના આરોપી સામે ગુનો નોંધી ત્યારબાદ આ કામના તપાસ કરનાર

અધીકારીએ આ ગુનાની તપાસ કરી તપાસના અંતે હાલનુ ચાજશીટ અત્રેની અદાલતમા ન્યાયિક કાર્યવાહી અર્થે દાખલ થયેલ છે.

આ કામે ફરીયાદપક્ષના કેસ સબંધી ચર્ચા કરતા પુર્વે એ નોંધવુ જરુરી છે કે, ગુજરાત સરકારશ્રી ધ્વારા તાજેતરમા પ્રોહિબિશન એકટમા કરવામા આવેલ સુધારા બાદ પ્રોહિબિશન એકટની જોગવાઇઓ તેમજ સજા સબંધી જોગવાઇઓમા સુધારો કરવામા આવેલ હતો જે બાદ નામદાર ગુજરાત વડી અદાલત ધ્વારા ફોજદારી પરચુરણ અરજી નં–૮૮૯૨/૨૦૧૮ તા.૦૫–૦૫–૨૦૧૮ ધ્વારા આપવામા આવેલ ચુકાદા મુજબ હાલના કાયદા અન્વયેના કેસ અત્રેની અદાલતને ચલાવવાની સત્તા આપેલ હોય, હાલનો કેસ ચોલાવવામા આવેલ છે.

(૨) આરોપીને સમન્સ કરતા આરોપી અદાલત રૂબરૂ હાજર થતા તેઓને પોલીસ પેપર્સની નકલો પુરી પાડી આંક–૦૪ થી તેઓની સામેનુ તહોમત ફરમાવી વાંચી સંભળાવી સમજાવતા તેઓએ આંક–૦૫ ના જવાબમા ગુન્હો કર્યાનો ઈન્કાર કરતા કેસની કાર્યવાહી આગળ ચલાવવામા આવેલ છે.

(૩) આ કામે ફરીયાદપક્ષ તરફથી પોતાનો કેસ પુરવાર કરવા નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામા આવેલ છે.

–:: **મૌખિક પુરાવાની વિગત** ::–

| અનુ નં | વિગત | આંક |
|---|---|---|
| ૧. | હનીફભાઇ બચુભાઇ મુસાણી–પંચ સાહેદ | ૦૭ |
| ૨. | રજાકભાઇ મુસાભાઇ ગુંદીગરા–પંચ સાહેદ | ૦૯ |
| ૩. | વનરાજસિંહ ગોરધનભાઇ પરમાર–ફરીયાદી | ૧૧ |
| ૪. | સુરેશભાઇ સંગ્રામભાઇ બારૈયા–ત.ક.અ | ૧૩ |

## –:: દસ્તાવેજી પુરાવાની વિગત ::–

| અનુ નં | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ગુનાવાળી જગ્યાનું પંચનામુ | ૦૮ |
| ૨. | ફરીયાદ | ૧૨ |

**(૪)** ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ આરોપીનુ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૩૫૧ મુજબ વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો જણાઇ આવતો ન હોય વિશેષ નિવેદન લેવામા આવેલ નથી. ત્યારબાદ પક્ષકારોના વિધ્વાન વકીલશ્રીની દલીલો સાંભળી. જેમા રેકર્ડ મુજબની રજુઆત હોવાનુ જણાવે છે.

**(૫)** આ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થીત થાય છે.

**૧.** શું ફરીયાદપક્ષ પુરવાર કરે છે કે, બનાવના દિવસે, સમયે અને સ્થળે આ કામના આરોપીએ પોતાના કબજા ભોગવટામા ગેરકાયદેસર પાસ પરમીટ વગર દેશી દારુ રાખી, પ્રોહિબિશન એકટની કલમ–૬૫–એ.એ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

**૨.** શું હુકમ ?

**(૬)** ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણય નીચે મુજબના છે.

(૧) નકારમાં,

(૨) આખરી હુકમ મુજબ.

## –:નિર્ણય માટેના કારણો :–

**મુદ્દા નં–૧ ની ચર્ચા :–**

**(૭)** ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો ફરિયાદ પક્ષ ઉપર રહે છે. ફરીયાદ પક્ષે પોતાની હકીકતો શંકાથી પર રીતે સાબિત કરવાની હોય છે. દીવાની કાર્યવાહીમા જે રીતે સંભવિતતા દર્શાવવામા આવતી હોય છે તેવી હકીકત ફોજદારી કાર્યવાહીમા નથી હોતી. ફોજદારી કાર્યવાહીના તમામ

તબકકે પુરાવાનો બોજો કયારેય આરોપી ઉપર ખસતો નથી, ફરીયાદપક્ષે માત્ર સંભવિતતા જ દર્શાવવાની હોતી નથી, પરંતુ આરોપી પરનુ તહોમત નિશંકપણે પુરવાર કરવાનુ રહે છે. ફોજદારી કાર્યવાહીમા આરોપી જો કોઇ અપવાદોનો લાભ લેવા માંગતા હોય તો પણ તેમણે ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ–૧૦૮ મુજબ સંભવિતતા દર્શાવવાની રહે છે, આરોપીએ અપવાદ માંહેની હકીકતો શંકાથી પર રીતે સાબિત કરવાની હોતી નથી.

(૮) ફરીયાદ પક્ષે તેમના કેસના સમર્થનમા ફરીયાદ પક્ષે તેમના કેસના સમર્થનમા ઉપરોકત પંચ સાહેદને આંક–૦૭ તથા આંક–૦૯ થી તપાસવામા આવેલ છે. સદર પંચ સાહેદે સોગંદપરની સરતપાસમાં જણાવેલ છે કે, તેઓને પોલીસે એક તૈયાર પંચનામામા સહી કરવાનુ કહેતા સહી કરેલી અને પંચનામા બાબતે તેઓ કાંઇ જાણતા ન હોવાનુ જણાવી તેઓને પંચનામાની ખરી નકલ બતાવવામા આવે છે. તેમા પંચ તરીકે તેઓની સહી છે. જે પંચનામુ રજુ રાખેલ છે. મજકુર પંચની જુબાની જોતા તેઓ પંચનામાની હકીકતને સમર્થન આપતા ન હોય એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરી ગયેલા જાહેર કરી તેઓએ વિગતવાર ઉલટતપાસ કરેલ છે તેમ છતા તેવી ઉલટતપાસમાંથી પણ ફરીયાદ પક્ષને મદદરૂપ થાય તેવી કોઇ હકીકત બહાર આવતી નથી.આમ, ઉપરોકત પંચ સાહેદના પુરાવાથી તેઓની હાજરીમા આ કામના આરોપી પાસેથી કોઇ દેશી દારુ કબજે કરવામા આવેલ હોય અને તે અંગેનુ વિગતવાર પંચનામુ તેઓના લખાવ્યા મુજબનુ તૈયાર કરવામા આવેલ હોય તેવી કોઇ હકીકત રેકર્ડ ઉપર આવતી નથી. જેથી ફરીયાદપક્ષ આરોપી સામે પંચનામાની હકીકત પુરવાર કરી શકેલ નથી.

(૯) સદર કામે ફરીયાદ પક્ષ તરફથી આગળ ઉપર જણાવેલ આ કામના ફરીયાદીને આંક–૧૧ થી તથા ત.ક.અને આંક–૧૩ થી તપાસવામા આવેલ છે. તેઓએ તેમની સરતપાસમાં સોગંદ ઉપર ફરીયાદ હકીકતને સમર્થનકારી પુરાવો આપી, ફરીયાદી ફરીયાદમા પોતાની સહી ઓળખી બતાવે છે જે આ કામે આંક–૧૨ થી રજુ કરેલ છે. જયારે આરોપી પક્ષે

કરવામા આવેલ ઉલટતપાસમાં ફરીયાદી એ હકીકત સ્વીકાર કરેલ છે કે, બનાવવાળી જગ્યાએ વસ્તીવાળો અને રહેણાંકી વિસ્તાર છે. ફરીયાદમાં પંચોના નામ સરનામા જણાવેલ નથી. બે જે જગ્યાએ રેડ કરી તે જગ્યા આરોપીની માલીકીની છે કે કેમ તે બાબતનો પુરાવો તેમની હાજરીમાં કબજો લેવામા આવેલ નહી. તેમની ફરીયાદમાં ફરીયાદ શરુ કર્યા તથા પુરી કર્યાનો સમય જણાવેલ નથી.વધુમા, ત.ક.અ પોતાની ઉલટતપાસમાં સ્વતંત્ર સાહેદોના નિવેદન લેવામા આવેલ નહી હોવાનુ કબૂલ રાખેલ છે. આ સીવાય બચાવપક્ષે આવેલ સુચન નકારી કાઢેલ છે.

(૧૦) આમ, ઉપરોકત ફરીયાદી તથા ત.ક.અ છે અને તેઓએ સદરહુ ગુનાની ફરીયાદ આપેલાની હકીકત જણાઇ આવે છે. પરંતુ એવી કોઇ હકીકત રેકર્ડ ઉપર આવતી નથી કે જે જગ્યાએ રેડ કરેલ તે જગ્યાની માલીકી આરોપીની હતી કે કેમ અને તે બાબતે કોઇ આધાર પુરાવો મેળવેલ નથી એટલુ જ નહી ત.ક.અમલદારે મુદ્દામાલ પ્રવાહીના નમુના પૃથ્થકરણ અર્થે લીધેલ પરંતુ એફ.એસ.એલ તરફથી પૃથ્થકરણ અહેવાલ આવેલ હોય તેવુ રેકર્ડ ઉપર જણાઇ આવતુ નથી, તે સંજોગોમા કબજે કરવામા આવેલ પ્રવાહી દેશી દારુ જ હતો તેવુ પણ માની શકાય નહી. તેમજ ફરીયાદપક્ષના કેસ મુજબ જેમની હાજરીમાં રેઇડ કરવામા આવેલ છે તે પંચ સાહેદને આ કામે તપાસેલ છે અને તેઓએ તેમની હાજરીમાં કોઇ રેઇડ કરવામા આવી હોય કે તેઓ પોલીસ સાથે કયાંય ગયેલ હોય અને આરોપીના કબજામાંથી દેશી દારુ મળી આવેલ હોય અને તે અંગેનુ વિગતવારનુ પંચોની હાજરીમાં તેઓના લખાવ્યા મુજબ તૈયાર કરેલ હોય તેવી હકીકતને પુષ્ટી પ્રાપ્ત થયેલ નથી. વધુમાં, ફરીયાદપક્ષને પ્રથમથી જ બાતમી હકીકત હોવા છતા તેઓએ કોઇ પ્રાથમિક પંચનામુ કરેલ હોય તેવુ પણ જણાય આવતુ નથી. આમ, જે કાર્યવાહી આરોપી સામે થયેલ છે તેના પંચોએ આવી કોઇ જ હકીકતને સમર્થન કરેલ નથી અને પંચો એ સ્વતંત્ર સાહેદો છે. આ ઉપરાંત બનાવના સ્થળે સ્વતંત્ર સાહેદોની હાજરી સુચક હોવા છતા કોઇ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલ હોય તેવુ જણાય આવતુ નથી.

(૧૧) ફોજદારી કાર્યવાહીનો સિધ્ધાત છે કે ફરીયાદપક્ષે તેનો કેસ સીધા અને સરળ પુરાવાથી પુરવાર કરવાનો હોય છે. ફોજદારી કાર્યવાહીમા બચાવપક્ષને સમગ્ર કાર્યવાહી દરમ્યાન ખુલાસો કરવાનો હોય છે. ફોજદારી કાર્યવાહીમા બચાવપક્ષને સમગ્ર કાર્યવાહી દરમ્યાન ખુલાસો કરવાનો હોતો નથી, ત્યારે ફરીયાદપક્ષે તેમનો કેસ શંકારહિત પુરવાર કરવાનો હોય છે. તે જ રીતે ફોજદારી કાર્યવાહીમા માત્ર અનુમાન અને ધારણાના આધારે કોઇને તકસીરવાન ઠરાવી શકાય નહી. આમ, સમગ્ર પુરાવો ધ્યાને લેતા, ફરીયાદપક્ષ આરોપી સામે ગુન્હાના કામે સાંકળતો કોઈ પુરાવો રજુ કરી શકેલ નથી. તેવા સંજોગોમા તેમને તકસીરવાન ઠરાવી શકાય નહી. આમ, તમામ પુરાવાનુ વિશ્લેષણ કર્યા બાદ ફરીયાદપક્ષ તેમનો કેસ પુરવાર કરવામા નિષ્ફળ ગયેલ હોય મુદ્દા નં–૧ નો જવાબ નકારમા આપી, મુદ્દા નં–૨ અન્વયે નીચે મુજબ આખરી હુકમ કરવામા આવે છે.

**–: હુકમ :–**

૧. આ કામના આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૧(૧) હેઠળ પ્રોહિબિશન એકટની કલમ–૬૫–એ.એ. મુજબના ગુન્હામાંથી પુરતા પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવામા આવે છે.

૨. આરોપીએ અગાઉ આપેલ જામીન અપીલ પિરીયડ સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામા આવે છે.

૩. આ કામે કબજે કરેલ મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ યોગ્ય નિકાલ કરવાનો હુકમ કરવામા આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૨૫/૦૮/૨૦૨૬ (મયુર ડી.બ્રહમભટ્ટ)

સ્થળ–ભાવનગર. બીજા એડી.ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ

ભાવનગર

A.B.MAKWANA **CODE GJ01008**